| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૭/૧૨/૨૦૧૯   શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૨૨૦૩/૧૯**

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશનના આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૫૦૦/૨૦૧૯ તા.૨૬/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી શ્રી ભાગ્યેશ કનૈયાલાલ સોલંકી ઉ.વ.૨૭ ધંધો.ડ્રાઇવિંગ રહે.ક્યુ/૧૦૧ જીવણપ્રાણ રેસીડેન્સી સ્વામીનારાયણ પાર્કની સામે નવા નરોડા અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૬/૧૨/૨૦૧૯ ના ક.૨૧/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે

## સરદારનગર પોલીસ સ્ટેશન :

# પાસા અટકાયત ટાળવા નાસતી-ફરતી સ્ત્રી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ નાસતા – ફરતા આરોપીઓને પકડી લાવવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટે. ના સર્વેલંસ પો.સ.ઇ. આઇ.કે.મોથલીયા તથા સાથેના સ્ટાફના માણસો **દીપાબેન મુકેશભાઇ ઇંદ્રેકર ઉ.વ.૩૮ રહે- ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર** નાનીને પકડી લાવી સદરી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૯૯/૨૦૧૯ તા-૨૬/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૨૬/૧૨/૧૯ ના કલાક - ૨૦/૧૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે. તા- ૨૬/૧૨/૨૦૧૯

**પાસા અટકાયતીનુ નામ- દીપાબેન મુકેશભાઇ ઇંદ્રેકર ઉ.વ.૩૮ રહે- ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર**



**કામગીરી કરનાર અધી/કર્મચારી-**

**(૧) સર્વેલંસ પો.સ.ઇ. આઇ.કે.મોથલીયા (૨) અ.હે.કો. સહેજાદખાન કાસમખાન બ.નં.૭૯૦૧**

**(૩) અ.પો.કો.કીશોરસીંહ સરદારસીંહ બ.નં.૮૧૯૯ (૪) અ.લો.ર.મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭**

**(૫)અ.લો.ર.વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧ (૬)અ.લો.ર.પરબતભાઇ જેરૂપભાઇ બ.નં.૧૧૭૮**

**નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૯૯ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.**

## ઓઢવ પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "અરવિંદભાઇ ઉર્ફે અલ્લુ ઇશ્વરભાઇ વાઘેલા(નાડીયા) ઉ.વ.૩૯ રહે: રામસિંગની ચાલી, હનુમાનનગર, સોનીની ચાલી પાસે, ઓઢવ, અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1502/19 તા.26/12/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં-૩૧૫ તથા લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ બ.નં-૧૨૭૯૦ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ સોનીની ચાર રસ્તા પાસેથી લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ નાઓની બાતમી હકિકત આધારે સદરી ઇસમને આજરોજ તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતી ઇસમને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

(૨)

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "સવિતાબેન વાડીલાલ ચુનારા ઉ.વ.૬૫ રહે: જીનજી ચાલી, સરણીયાવાસ, ઓઢવ, અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી બેન વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1501/19 તા.26/12/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ તથા વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં-૩૫૧૫ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ સરણીયાવાસ ચાર રસ્તા પાસેથી વુ.પો.કો માયાબેન રમેશભાઇ નાઓની બાતમી હકિકત આધારે સદરી બેનને આજરોજ તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી સુરત મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતી બેનને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૨૬.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર **મિલ્કત સબંધી/શરીર સબંધી/પ્રોહીબિશનની** ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા એક બહેન સાઈકલ લઈને જતા હતા તે દરમ્યાન પોતાની એક્ટીવા લઈ આવી સાયક્લ ચાલકબેન ની છેડતી કરનાર તથા લોકોના હાથમાથી મોબાઈલફોનની ચીલઝડપ કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે અંકિત મહેશકુમાર છોટાલાલ સોની રહેવાસી- મ.ન.૧૫ વિભાવરી સોસાયટી,વિભાગ ૧, દેના બેંક્ની સામે, વેજલપુર રોડ જીવરાજ પાર્ક અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અંકિત મહેશકુમાર છોટાલાલ સોની રહેવાસી- મ.ન.૧૫ વિભાવરી સોસાયટી, વિભાગ ૧, દેના બેંક્ની સામે, વેજલપુર રોડ જીવરાજ પાર્ક અમદાવાદ |

- અમદાવાદ શહેરના વટવા તથા ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના મકાનમા પોતાના સાગરિતો સાથે પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના તથા રોકડા નાણાની ચોરી કરનાર તથા એક્ટીવાની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે બુલબુલ સિરાજ અબ્દુલ્લા શેખ રહેવાસી- ગણેશનગરના છાપરા, નારોલ, અમદાવાદ શહેર મુળ વતન ગામ- વિશાલનગર, અરવિંદનગર,થાના- કામથાના, બિશાલનગર જિ.-સિપાહી અગરતલા આસામ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | બુલબુલ સિરાજ અબ્દુલ્લા શેખ રહેવાસી- ગણેશનગરના છાપરા, નારોલ, અમદાવાદ શહેર મુળ વતન ગામ- વિશાલનગર, અરવિંદનગર,થાના- કામથાના, બિશાલનગર જિ.-સિપાહી અગરતલા આસામ |

- અમદાવાદ પશ્ચિમ રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમા ટ્રેનમા મુસાફરી કરતા ઈસમોની નજર ચુકવી મોબાઈલ ફોન તથા બેગ તથા રોકડા નાણાની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સદિક હુસેન ઉર્ફે હોકી અશરફઅલી અંસારી રહેવાસી- મ.ન.૫ દાઉદી વોરાના રોજા પાસે, સરસપુર,અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સદિક હુસેન ઉર્ફે હોકી અશરફઅલી અંસારી રહેવાસી- મ.ન.૫ દાઉદી વોરાના રોજા પાસે, સરસપુર,અમદાવાદ શહેર |

➢ અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતોની સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી તથા બિભત્સગાળો બોલી બેઝબોલના ડંડાથી તેમજ તલવાર વડે પીઠમા ઈજા કરી ઘડીયાલ પર્સ તથા રોક્ડા નાણાની લુટ કરનાર તથા લોકોને મોબાઈલફોન ઉપર રુપિયા ૨૫ લાખની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી અપહરણ કરી માર મારી સોનાના દાગીના રોકડાનાણા તથા મો.ફોનથી લુટ કરનાર ઝનુની અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે બલવીરસિગં ઉર્ફે કાલુ હનુમાનસિંગ ભગવતસિંગ રાજાવત(રાજપુત) રહેવાસી- બી/૪૦૮ નૈયા એપાર્ટમેંટ ટોલટેક્સની સામે રામોલ અમદાવાદ મુળવતન –ગામ- બોડદા તા-મિત્રપુર જિ- સવાઈમાધુપુર રાજસ્થાન વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | બલવીરસિગં ઉર્ફે કાલુ હનુમાનસિંગ ભગવતસિંગ રાજાવત(રાજપુત) રહેવાસી- બી/૪૦૮ નૈયા એપાર્ટમેંટ ટોલટેક્સની સામે રામોલ અમદાવાદ મુળવતન –ગામ- બોડદા તા-મિત્રપુર જિ- સવાઈમાધુપુર રાજસ્થાન |

➢ આ ઉપરાંત અન્ય મિલ્કત સબંધી, પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૬ ઇસમો મળી **કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને વડોદરા, રાજકોટ, સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>ઓટોરિક્ષા નં.જીજે-૨૭-વાય-૮૪૨૩ માં ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૪૮ કિ.રૂ.૨૪૦૦૦/- ની મતાના વિદેશીદારૂ સાથે કુલ્લે કિ.રૂ.૫૯૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા.શ્રી તેમજ ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન સા.શ્રી અમદાવાદશહેર નાઓએ આગામી થર્ટી ફર્સ્ટના તહેવાર નિમિતે પ્રોહિબીશનના ગુનાઓ શોધવા સારુ કરેલ સુચના અન્વયે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહીલ સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના હે.કો.મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં.૩૭૬૮ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા કલાક.00/30 વાગે નારોલ વણઝારાવાસ જવાના નાકા પાસે આવતાં સાથેના પો.કો.અસ્લમબેગ નશરૂબેગ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે “એક ઓટોરિક્ષા નં.જીજે-૨૭-વાય-૮૪૨૩ માં એક ઈસમ કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો બાગેકૈશર તરફથી ભરી લાવી અત્રે વણઝારા વાસના નાકા પાસે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે” જે બાતમી આધારે રેઈડ કરી <u>આરોપી રતીલાલ ભેમાભાઈ જાતે પરમાર ઉ.વ.૨૭ ધંધો-રિક્ષાડ્રાઈવિંગ રહે-મ.નં.૬ ગોકુલધામ સોસાયટી વણઝારાવાસની પાછળ નારોલગામ નારોલ અમદાવાદ શહેરનાનો</u> ઓટોરિક્ષા સાથે મળી આવતાં તેમાં જોતાં ભારતીય બનાવટની વિદેશીદારૂ (IMFL) ભરેલ બોટલ વિદેશીદારૂ બોક્ષ નંગ-0૪ જે એક બોક્ષમાં બોટલ નંગ-૧૨ લેખે કુલ સીલબંધ બોટલ નંગ-૪૮ કિ.રૂ.૨૪000/-તથા મોબાઈલ ફોન –0૧ કિ.રૂ.૫00/– તથા ઓટોરિક્ષાની કિ.રૂ.૩૫000/- ગણી કુલ્લે કિ.રૂ.૫૯૫00/–ની મત્તાનો મુદ્દામાલ મળી આવતાં ઉપરોકત આરોપી તથા <u>વિદેશીદારુનો જથ્થો આપનાર આરોપીબહેન આયેશાબાનો સાજીદખાન પઠાણ રહે.મ.નં.0૫ આબાદનગર સોસાયટી બાગેકૌશરની સામે નારોલ અમદાવાદ શહેર</u>નાઓ વિરૂધ્ધ નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૩૩૭/૨૦૧૯ ધી પ્રોહીએકટ ક્લમ. ૬૫(એ)(ઇ), ૬૬(૧)(બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



# રોમીયોગીરી કરતા આરોપીની અટકાયતની વિગત

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

## સાબરમતી પોલીસ સ્ટેશન "SHE " ટીમ દ્વારા રોમીયોગીરી કરતા બે ઇસમોની કરાઇ ધરપકડ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન (I/c એલ ડિવિઝન) અમદાવાદ શહેર નાઓ તરફથી મળેલ સુચના તેમજ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનની "SHE Team" ના સભ્યો તા.૨૬-૧૨-૧૯ ના રોજ એલ.વી.ઉપાધ્યાય આટર્સ એન્ડ કોમર્સ કોલેજ રામનગર સાબરમતી પાસે સવારના કોલેજ છુટવાના સમયે ખાનગીમા પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન બે ઇસમો કોલેજમાં આવતી જતી મહિલાઓને જોઇ જાહેરમાં સ્ત્રીની મર્યાદા ન જળવાય તે રીતે બિભત્સ વર્તન કરતા મળી આવતા તે બે ઇસમો નામે (૧) શિવા નરેશકુમાર નેપાલી ઉ.વ.૨૦, રહે-હિરાજૈન સોસાયટી, ઋષભ પેલેસ પાસે, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૨) જનક હરિશભાઇ જાદવ ઉ.વ.૨૨ રહે.મહાકાળીની ચાલી, કબીર ચોક, સાબરમતી, અમદાવાદ શહેર નાઓને પકડી સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૧૮૩/૧૯ જી.પી.એક્ટ ક.૧૧૦, ૧૧૭ મુજબ ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરેલ તેમજ આ ઇસમો મો.સા. લઇને આવેલ હોય અને તેઓ પાસે ડ્રાઈવિંગ લાયસન્સ કે આર.સી. બુક ન હોય તેઓનું મો.સા. એમ.વી.એકટ ક. ૨૦૭ મુજબ જમા લેવામા આવેલ છે. આમ સાબરમતી પોલીસ સ્ટેશનની "SHE" ટીમ દ્વારા મહિલાઓની સુરક્ષા માટેની પ્રશંસનીય કામગીરી કરેલ છે.

